રોડ યુઝરોની સુરક્ષા માટે પશ્ચિમ રેલવેની પહેલ

વડોદરા ડિવિઝને ઓક્ટોબરમાં ૪ લેવલ ક્રોસિંગ ગેટ બંધ કર્યા, ૩ સ્થળે અન્ડરબ્રિજ તૈયાર

ગેટ બંધ થવાથી એક તરફ ટ્રેનોની ગતિ અને સમયપાલનમાં સુધારો થશે : ખેમરાજ મીના



(પ્રતિનિધિ) વડોદરા,તા.1

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા રેલ નેટવર્કના આધુનિકીકરણ અને રોડ યુઝરોની સુરક્ષા-સુવિધા વધારવા માટે માળખાકીય વિકાસના કામો ઝડપભેર હાથ ધરવામાં આવી રહ્યા છે. આ કડીમાં ઓક્ટોબર મહિનામાં લેવલ ક્રોસિંગ ગેટ હટાવવા અને રોડ અન્ડરબ્રિજ બનાવવામાં મહત્વની સફળતા મળી છે.

પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી ખેમરાજ મીના દ્વારા જણાવ્યા મુજબ, સુરક્ષિત રેલ અને રોડ વ્યવહારને પ્રોત્સાહન આપવાના હેતુથી ઓક્ટોબર દરમિયાન નડિયાદ અને મોડાસા સેક્શન વચ્ચે કુલ 4 લેવલ ક્રોસિંગ ગેટ સફળતાપૂર્વક બંધ કરી દેવામાં આવ્યા છે. આ ગેટ બંધ થવાથી એક તરફ ટ્રેનોની ગતિ અને સમયપાલનમાં સુધારો થશે, તો બીજી તરફ રોડ પર અકસ્માતની શક્યતા પણ સંપૂર્ણપણે નાબૂદ થશે. આ ઉપરાંત વડોદરા મંડળે આણંદ-ગોધરા સેક્શન પર પણ માળખાગત સુવિધાને વધુ મજબૂત બનાવી છે. ચાલુ નાણાકીય વર્ષમાં ઓક્ટોબર મહિના સુધીમાં આ વ્યસ્ત રૂટ પર 3 લેવલ ક્રોસિંગ ગેટ નંબર 10, 38 અને 64 પર રોડ અન્ડરબ્રિજનું નિર્માણ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. આ રોડ અન્ડરબ્રિજ બનવાથી સ્થાનિક રહીશો અને રોડ પરથી પસાર થતા વાહનચાલકોને હવે બંધ ગેટ પર રાહ જોવી પડશે નહીં, જેથી તેમના સમય અને ઈંધણ બંનેની બચત થશે. સાથે જ આ સેક્શન પર ટ્રેનોનું સંચાલન પણ વિના અવરોધ વધુ સુરક્ષિત અને સુગમ બની શકશે.

તાંદલજા અલ-સફા રેસિડેન્સીમાંથી ૫ ફૂટ લાંબો સ્પેક્ટેકલ્ડ કોબ્રાનો રેસ્ક્યુ

સોસાયટી પરિસરમાં ઝેરી નાગ દેખાતા સ્થાનિક રહેવાસીઓમાં ફફડાટ ફેલાયો હતો



(પ્રતિનિધિ) વડોદરા. તા.૧

શહેરના તાંદલજા વિસ્તારમાં વન્યજીવોના શહેરી વિસ્તારોમાં પ્રવેશવાના બનાવો અવારનવાર સામે આવતા હોય છે, ત્યારે તાજેતરમાં તાંદલજા સ્થિત અલ-સફા રેસિડેન્સીમાં આશરે ૫ ફૂટ લાંબો અત્યંત ઝેરી ઈન્ડિયન સ્પેક્ટેકલ્ડ કોબ્રા નજરે પડતા સ્થાનિક રહીશોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સ્થાનિક રહેવાસીઓએ ત્વરિત ધોરણે સાવચેતી દાખવીને રેસ્ક્યુ ટીમને જાણ કરી હતી. આ અંગેની જાણ થતાં જ શ્રી સાઈ દ્વારકા ચેરિટેબલ ટ્રસ્ટના અગ્રણી ઈસ્માઈલભાઈ મલેક પોતાની નિષ્ણાત ટીમ સાથે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

ઘટનાસ્થળે પહોંચીને ઈસ્માઈલભાઈ મલેક, ફરદીન ખાન, આઝમ ખાન અને ઈરફાન મલેકની ટીમ દ્વારા ભારે સાવચેતી અને કુશળતાપૂર્વક આ પાંચ ફૂટ લાંબા નાગનું સફળ રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. માનવ વસ્તી વચ્ચે આવેલા આ ઝેરી સરિસૃપને સુરક્ષિત રીતે પકડી લેવામાં આવતા સ્થાનિક રહીશોએ રાહતનો શ્વાસ લીધો હતો.

રેસ્ક્યુ ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ, પકડવામાં આવેલા કોબ્રા સાપને કાયદેસરની પ્રક્રિયા મુજબ સુરક્ષિત રીતે વન વિભાગને સુપ્રત કરવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટનાએ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે શહેરી કે સોસાયટી વિસ્તારોમાં ક્યારેય પણ વન્યજીવો દેખાય ત્યારે ગભરાઈ જવાને બદલે તાત્કાલિક ધોરણે નિષ્ણાંત અને અધિકૃત રેસ્ક્યુ ટીમની મદદ લેવી અનિવાર્ય છે.

પશ્ચિમના રાજકારણમાં 'માસ્ક મેન'નું મહોરું!

સાથી કાઉન્સિલરને પાડી દેવા પડદા પાછળ ખેલ રચાયાની ચર્ચા



વડોદરાના પશ્ચિમ વિસ્તારમાં રાજકારણ હવે જનસેવા કરતાં જૂથબંધી અને એકબીજાને પાડી દેવાની કળામાં વધુ રસ લેતું હોય તેવી ચર્ચા રાજકીય વર્તુળોમાં જોર પકડી રહી છે. પોતાના જ સાથી કાઉન્સિલર સામે રાજકીય વર્ચસ્વની લડાઈમાં પડદા પાછળથી ખેલ રચાયાની ચર્ચાએ સ્થાનિક રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે.

ચર્ચા એવી છે કે એક નામાંકિત કાઉન્સિલરે પોતાના જ સાથી પ્રતિનિધિને રાજકીય રીતે ભીંસમાં લેવા માટે કથિત રીતે એક માસ્ક મેનનો ઉપયોગ કર્યો હતો. સાથી કાઉન્સિલર નશાની હાલતમાં હોવાનો વીડિયો ઉતારી તેને આધારે બ્લેકમેલ કરવાની અને રૂ.50 લાખની રંગદારી માગવાની ઘટના સામે આવી હતી. જોકે, આ મામલે કાયદાનો સકંજો કસાતાં માસ્ક મેન જેલના સળિયા પાછળ પહોંચી ગયો છે.

ગુજરાતમિત્ર વડોદરાની ગપસપ

હવે સવાલ એ ઊભો થઈ રહ્યો છે કે આ આખા ખેલમાં માસ્ક મેન માત્ર એકલો ખેલાડી હતો કે પછી કોઈની સ્ક્રિપ્ટ મુજબ પોતાનો રોલ ભજવી રહ્યો હતો? પશ્ચિમ વિસ્તારના રાજકીય ગલિયારાઓમાં એવી પણ ચર્ચા છે કે જેલમાં પહોંચેલો માસ્ક મેન તો માત્ર મોહરું હતો, જ્યારે ચેસબોર્ડ પર ચાલ ચાલનાર કોઈ બીજું જ હોઈ શકે!

રાજકીય વર્ચસ્વ જાળવવા માટે પોતાના જ સાથીને નિશાન બનાવવાની કથિત વ્યૂહરચનાએ અનેક તર્ક-વિતર્ક ઊભા કર્યા છે.

એકંદરે, પશ્ચિમના રાજકારણમાં અત્યારે સવાલ એક જ છે : માસ્ક તો એક જ વ્યક્તિએ પહેર્યો હતો, પણ પડદા પાછળના ચહેરા કેટલા હતા?

ખુરશી ગઈ, સત્તા ગઈ, પણ 'કોર્પોરેટર'નો નશો હજુ બરકરાર!



રાજકારણમાં ખુરશી મેળવવા જેટલી મહેનત કરવી પડે છે, તેના કરતાં ખુરશી છોડવી કદાચ વધુ અઘરી હોય છે! વડોદરા શહેરમાં આ વાતને સાર્થક કરતું એક રસપ્રદ દ્રશ્ય સામે આવ્યું છે. કોર્પોરેટરની મુદત પૂરી થઈ ગઈ, હોદ્દો રહ્યો નહીં અને સત્તાની ખુરશી પણ હાથમાંથી સરકી ગઈ, પરંતુ ઘરની બહાર લાગેલું 'મ્યુનિસિપલ કોર્પોરેટર'નું બોર્ડ જાણે હજુ પણ જૂના સુવર્ણકાળની યાદ અપાવી રહ્યું છે!

પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નંબર-10ના કૃષ્ણપાર્ક વિસ્તારમાં આવેલા મકાન નંબર-9 બહાર ભાજપના પ્રતીક સાથે વડોદરા મહાનગરપાલિકા અને મહિલા કોર્પોરેટર તરીકે ઓળખ આપતું બોર્ડ હજુ પણ જોવા મળી રહ્યું છે. સ્થાનિકોમાં આ બોર્ડ હવે રાજકીય ચર્ચાનો વિષય બન્યું છે.

સવાલ એ છે કે જ્યારે પદની મુદત પૂરી થઈ ગઈ છે અને હવે તેઓ પૂર્વ કોર્પોરેટર છે, ત્યારે પણ બોર્ડને વિદાય આપવાનું મન કેમ થતું નથી? શું બોર્ડ ઉતારી દેતાં રાજકીય વટ ઓછો થઈ જશે? કે પછી ઘરની બહારથી પસાર થતા લોકોને હજુ પણ જૂની સત્તાનો અહેસાસ કરાવવાની કોઈ ખાસ વ્યવસ્થા છે?

રાજકારણમાં હોદ્દો કાયમી નથી, ખુરશી પણ કાયમી નથી અને સત્તા તો ખાસ કરીને કાયમી નથી. પરંતુ કેટલાક નેતાઓ માટે હોદ્દાનું બોર્ડ કદાચ એવી અમૂલ્ય મિલકત હોય છે, જેને કાર્યકાળ પૂરો થયા પછી પણ ઉતારવાનું મન થતું નથી!

હવે સ્થાનિકોમાં એક જ સવાલ ચર્ચાઈ રહ્યો છે કે કોર્પોરેટરની મુદત પૂરી થઈ ગઈ છે કે પછી બોર્ડ પર લખાયેલો કાર્યકાળ હજુ ચાલુ છે?

અશાંત ધારાના કાયદાનું પાલન કે પછી 'આર્થિક વ્યવહારો'થી નિયમોને અશાંત કરી દેવાયા?



વડોદરાના પ્રતાપનગર વિસ્તારમાં વિહાર સિનેમા પાસે ચાલી રહેલા નવા કન્સ્ટ્રક્શન પ્રોજેક્ટે અશાંત ધારાના કાયદાના અમલ સામે અનેક સવાલો ઊભા કર્યા છે. કાયદો તો સામાજિક શાંતિ જાળવવા માટે બનાવાયો છે, પરંતુ આ પ્રોજેક્ટને લઈને ઊઠેલી ચર્ચાઓ સાંભળતાં એવું લાગે છે કે જાણે કાયદાના નિયમો કરતાં નફાના ગણિતને વધુ પ્રાધાન્ય અપાયું હોય!

ચર્ચા એવી છે કે વર્ષો જૂની બિલ્ડિંગના હિન્દુ ગ્રાહકોને નજીવી રકમ ચૂકવી જગ્યા ખાલી કરાવવામાં આવી અને ત્યારબાદ એ જ જગ્યાએ મુસ્લિમ ગ્રાહકોને ઊંચા ભાવે ફ્લેટ વેચવાની કવાયત હાથ ધરાઈ હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. જો આ આક્ષેપોમાં તથ્ય હોય તો સવાલ એ થાય કે આર્થિક ફાયદાની દોડમાં કાયદાની જોગવાઈઓ ક્યાં રહી ગઈ?

સૌથી રસપ્રદ સવાલ તો વહીવટી મંજૂરીઓને લઈને ઊભો થયો છે. અશાંત ધારાનો કાયદો લાગુ પડતો હોવા છતાં સ્થાનિક પોલીસનો અભિપ્રાય, સ્થાનિક રહેવાસીઓની રજૂઆતો અને જરૂરી કાયદાકીય પ્રક્રિયાનું યોગ્ય પાલન થયું હતું કે નહીં, તેની તપાસ જરૂરી બની છે.

મામલતદાર, તલાટી અને પ્રાંત અધિકારી કચેરીના અશાંત ધારા વિભાગની ભૂમિકા અંગે પણ ગંભીર ચર્ચાઓ થઈ રહી છે. શું તમામ પ્રક્રિયા નિયમોનુસાર થઈ હતી કે પછી ફાઈલોની ગતિ સાથે કોઈ 'આર્થિક ગતિ' પણ જોડાઈ હતી? આ સવાલોના જવાબ તપાસ બાદ જ સ્પષ્ટ થઈ શકશે.

હવે જોવાનું એ છે કે વહીવટી તંત્ર આ મામલે નિષ્પક્ષ તપાસ કરીને હકીકત બહાર લાવે છે કે પછી આ પ્રકરણ પણ સરકારી ફાઈલોના ઢગલામાં દબાઈને શાંત થઈ જશે!

કાયદો સામાન્ય નાગરિક માટે કડક અને વગદાર લોકો માટે લવચીક તો નથી ને? પ્રતાપનગરના આ પ્રકરણમાં આ સવાલનો જવાબ મળવો જરૂરી છે.

VIP કાફલાની સવારી માટે સામાન્ય મુસાફરોની ટ્રેનને 'રેડ સિગ્નલ'!



વિકાસની ગાડી પૂરપાટ દોડતી હોવાની વાતો વચ્ચે ચાંદોદ પાસે સામાન્ય મુસાફરોની ટ્રેનને અડધો કલાક સુધી થોભાવી દેવામાં આવ્યાની ઘટના ચર્ચાનો વિષય બની છે. જાણે VIP કાફલાની સુવિધા સામે સામાન્ય મુસાફરોનો સમય કોઈ કિંમત જ ધરાવતો ન હોય!

મોટા કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ VIP કાફલાને કોઈ અડચણ ન નડે તે માટે તંત્રએ જાણે આખી વ્યવસ્થાનું ધ્યાન સામાન્ય જનતા પરથી હટાવી દીધું હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. સેંકડો મુસાફરોને લઈને જતી ટ્રેન અચાનક ધીમી પડી અને ત્યારબાદ ઊભી જ રહી ગઈ. આશ્ચર્યની વાત એ હતી કે મુસાફરોને ટ્રેન કેમ રોકાઈ છે તેની કોઈ સ્પષ્ટ જાહેરાત કે જાણકારી પણ આપવામાં આવી નહોતી.

કાળઝાળ ગરમીમાં ડબ્બાઓમાં ગૂંગળામણ વધતાં મુસાફરો બારીઓમાંથી બહાર ડોકિયાં કરવા લાગ્યા હતા. કેટલાકે તો ગભરાઈને પરિવારજનોને ફોન કરી દીધા કે ટ્રેન ક્યાંક અટવાઈ ગઈ છે, કંઈ સમજાતું નથી! બીજી તરફ ઘરે બેઠેલા સ્વજનો પણ ચિંતામાં મુકાઈ ગયા હતા. પછી ચર્ચા એવી બહાર આવી કે મામલો ટેકનિકલ ખામીનો નહીં, પરંતુ VIP કાફલાના સરળ પરિવહનનો હતો. કાફલાને રસ્તો મળી રહે તે માટે રેલવે વ્યવહાર રોકવામાં આવ્યો હોવાની ચર્ચા છે. એટલું જ નહીં, બે અલગ-અલગ લાઈન પરની ટ્રેનોને પણ રોકવામાં આવી હોવાના અહેવાલો ચર્ચામાં છે.

હવે સવાલ એ છે કે VIP માટે રસ્તા ખાલી કરાવવા અને સામાન્ય માણસ માટે ટ્રેનો રોકી દેવી એ જ શું સુશાસનની નવી વ્યાખ્યા છે? VIP માટે મિનિટો કિંમતી અને સામાન્ય મુસાફરો માટે અડધો કલાક સાવ મફત?

લાગે છે કે દેશમાં VIP માટે અલગ પ્રોટોકોલ જ નહીં, સમય પણ અલગ ચાલે છે; જ્યારે સામાન્ય જનતા માટે તો ટ્રેનની સાથે ધીરજની પણ કસોટી ચાલુ જ રહે છે!

એક માસથી નાસતો ફરતો લિસ્ટેડ બુટલેગર મયુર ઉર્ફે વિક્કી ઝડપાયો

હત્યા-ખૂનની કોશિશ સહિત 15 ગુનાઓનો ગુનાહિત ઇતિહાસ



(પ્રતિનિધિ) વડોદરા, તા. 1

વડોદરા શહેરમાં દારૂની ગેરકાયદે હેરાફેરી અને વેચાણમાં સંડોવાયેલા તત્ત્વો સામે ક્રાઈમ બ્રાન્ચે વધુ એક કાર્યવાહી કરી છે. ગાજરાવાડી વિસ્તારમાંથી રૂ.5.01 લાખથી વધુ કિંમતનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપાયો હતો. આ ગુનામાં દારૂનો જથ્થો સપ્લાય કરનાર અને છેલ્લા એક માસથી પોલીસને હાથતાળી આપતો લિસ્ટેડ બુટલેગર મયુર ઉર્ફે વિક્કી કનોજીયાને ડભોઈ રોડ મહાનગર પાસેથી ઝડપી પાડવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત 29 સપ્ટેમ્બરના રોજ ગાજરાવાડીના ગોમતીપુરા-ગોપાલપુરા વિસ્તારમાં ખુલ્લા શેડ અને મકાનોમાં પોલીસે દરોડો પાડી વિદેશી દારૂ તથા બિયરની 1,652 બોટલ-ટીન કિંમત રૂ.5.01 લાખનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ ઉપરાંત ટુ-વ્હીલર, દારૂના વેચાણની રોકડ, ચાર મોબાઈલ ફોન અને સ્કેનર સહિત રૂ.6.42 લાખનો મુદ્દામાલ કબજે કરી બે આરોપીઓની ધરપકડ કરી હતી. બંને આરોપીઓની પૂછપરછમાં દારૂનો જથ્થો સપ્લાય કરનાર તરીકે મયુર ઉર્ફે વિક્કીનું નામ ખૂલ્યું હતું. પકડાયેલો મયુર ઉર્ફે વિક્કી લિસ્ટેડ બુટલેગર હોવાનું અને તેની સામે વડોદરા શહેરનાં વિવિધ પોલીસ સ્ટેશનોમાં હત્યા, હત્યાની કોશિશ, રાયોટિંગ, મારામારી, વિદેશી દારૂની હેરાફેરી તેમજ હદપારના હુકમના ભંગ સહિતના આશરે 15 ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. તેની ગુનાહિત પ્રવૃત્તિના કારણે અગાઉ તેની સામે પાસા હેઠળ કાર્યવાહી થઈ હતી અને શહેરમાંથી હદપાર પણ કરવામાં આવ્યો હતો.

વડોદરા એસ.એસ.જી. હોસ્પિટલની સંવેદનશીલ અને ઉત્કૃષ્ટ કામગીરી

રાજપીપળાથી ગંભીર હાલતમાં રિફર કરાયેલા BSF ના જવાનને તબીબોએ આપ્યું નવજીવન

ડેન્ગ્યુના સકંજામાં ફસાયેલા જવાન સદાન સરકાર સંપૂર્ણ સ્વસ્થ: હોસ્પિટલમાંથી ખુશખુશાલ ચહેરે રજા મેળવી



(પ્રતિનિધિ) વડોદરા. તા.૧

મધ્ય ગુજરાતની સૌથી મોટી સયાજી હોસ્પિટલમાં તબીબો અને સ્ટાફે વધુ એકવાર સફળ સારવારનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. રાજપીપળાથી ડેન્ગ્યુની ગંભીર બીમારી સાથે અત્યંત નાજુક હાલતમાં રિફર કરાયેલા બીએસએફના જવાન સદાન સરકારને સફળ સારવાર આપી સાજા કરવામાં આવ્યા છે. સંપૂર્ણ સ્વસ્થ થયા બાદ તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આ સાથે સારવાર માટે આવેલા અન્ય ત્રણ દર્દીઓને પણ સાજા થતાં રજા અપાઈ છે.

સયાજી હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. રંજન અય્યરે જણાવ્યું હતું કે, જવાન સદાન સરકારની સ્થિતિ અત્યંત ગંભીર હોવાથી બીએસએફના ઉચ્ચ અધિકારીઓ પણ સતત હોસ્પિટલના તબીબોના સંપર્કમાં હતા. દર્દીની સ્થિતિને ધ્યાનમાં રાખીને તાત્કાલિક SDP (સિંગલ ડોનર પ્લેટલેટ્સ) સહિતની જરૂરી બ્લડ પ્રોડક્ટ્સ સમયસર ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. તબીબો અને પેરામેડિકલ સ્ટાફની સતત દેખરેખ અને સારવારના પરિણામે જવાનનો જીવ બચાવી શકાયો હતો. ડૉ. અય્યરે વધુમાં જણાવ્યું હતું કે, સયાજી હોસ્પિટલમાં વડોદરા ઉપરાંત રાજપીપળા, ગોધરા, દાહોદ, છોટાઉદેપુર, ભરૂચ, આણંદ અને ખંભાત સહિત મધ્યપ્રદેશના આદિવાસી વિસ્તારોમાંથી પણ મોટી સંખ્યામાં દર્દીઓ સારવાર માટે આવે છે. હોસ્પિટલમાં મર્યાદિત સાધનો અને ઓછા માનવબળ વચ્ચે પણ તબીબો તથા પેરામેડિકલ સ્ટાફ દરેક દર્દીને યોગ્ય સારવાર મળે તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. બીએસએફના જવાનની સફળ સારવારથી સરકારી હોસ્પિટલમાં ઉપલબ્ધ આરોગ્ય સેવાઓ અને તબીબી ટીમના પ્રયાસો ફરી ચર્ચામાં આવ્યા છે.

વિશ્વામિત્રી કાંઠેથી ઉઠતા ધુમાડાના ગોટેગોટા જોઈ લોકોમાં અફરાતફરી

સયાજીબાગના પક્ષીઘર નજીક ઝાડી-ઝાંખરામાં આગ લાગતા તંત્રમાં દોડધામ

સદનસીબે આગ દૂર સુધી પહોંચે તે પહેલા જ કાબુમાં આવી જતા મોટી જાનહાનિ ટળી હતી



(પ્રતિનિધિ)વડોદરા,તા.1

વડોદરા શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી આગ લાગવાના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે, ત્યારે વધુ એક બનાવ સયાજીબાગમાં બન્યો હતો. જેમાં વિશ્વામિત્રી નદી કિનારે ઝાડી ઝાંખરામાં આગ લાગતા તંત્રમાં દોડધામ મચી હતી. વડોદરા શહેરના સયાજીબાગમાં આવેલા પક્ષીઘર નજીક અને વિશ્વામિત્રી નદીના કિનારા વિસ્તારમાં આવેલી સૂકા ઝાડી-ઝાંખરામાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આકાશમાં ધુમાડાના ગોટેગોટા છવાઈ ગયા હતા, જેને પગલે બાગમાં ફરવા આવેલા સહેલાણીઓમાં પણ ભયનો માહોલ ફેલાયો હતો. બનાવની જાણ થતા જ વડોદરા ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયર જવાનોએ સતત પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. પ્રાથમિક તપાસમાં કોઈએ કચરો સળગાવ્યો હોય અને તેની ચિંગારીમાંથી સુકી ઝાડીઓમાં આગ પ્રસરી હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે. સદનસીબે આગ દૂર સુધી પહોંચે તે પહેલા જ કાબુમાં આવી જતા મોટી જાનહાનિ ટળી હતી.

પશ્ચિમ રેલવે દ્વારા પીવાના પાણીની ગુણવત્તા પરીક્ષણમાં ૧૦૦% સંતોષકારક પરિણામ

સાત દિવસમાં 2,039 પરીક્ષણો કરાયા,તમામ છ મંડળોમાં પાણી પીવાલાયક જાહેર

(પ્રતિનિધિ)વડોદરા,તા.1

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરો અને રેલ કર્મચારીઓ માટે સુરક્ષિત અને સ્વચ્છ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવા માટે સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. જેના ભાગરૂપે તબીબી વિભાગ દ્વારા નિયમિત પેયજળ ગુણવત્તા દેખરેખ કાર્યક્રમ હેઠળ તા.25 થી 31 ઓક્ટોબર દરમિયાન હાથ ધરાયેલા 2,039 પરીક્ષણોમાં 100 ટકા સંતોષકારક પરિણામ નોંધાયું છે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા જણાવ્યા મુજબ, આ પરીક્ષણોમાં રેસિડ્યુઅલ ક્લોરીનના 1,812 અને બેક્ટેરિયોલોજિકલના 227 પરીક્ષણોનો સમાવેશ થાય છે. એકત્ર કરાયેલા તમામ સેમ્પલ નિર્ધારિત પરીક્ષણ ધોરણો પર ખરા ઉતર્યા હતા.બઆ પરીક્ષણો મુંબઈ સેન્ટ્રલ, વડોદરા, અમદાવાદ, રતલામ, રાજકોટ અને ભાવનગર મંડળોની સાથે દાહોદ તથા અન્ય રિપોર્ટિંગ સ્થળોએ કરવામાં આવ્યા હતા. રેલવે સ્ટેશનો પર લાગેલા વોટર કુલર અને વોટર ફાઉન્ટેનનું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. રેસિડ્યુઅલ ક્લોરીન પરીક્ષણથી પાણીને જંતુરહિત કરવાની પ્રક્રિયાની અસરકારકતાનો અંદાજ લગાવવામાં આવે છે, જ્યારે બેક્ટેરિયોલોજિકલ પરીક્ષણ પાણીની સૂક્ષ્મજીવ સંબંધિત ગુણવત્તાનું મૂલ્યાંકન કરે છે. તમામ આઠ રિપોર્ટિંગ મંડળો અને એકમોમાં સતત સંતોષકારક પરિણામ મળવું એ પશ્ચિમ રેલવેની સ્વચ્છતાના ઉચ્ચ ધોરણો જાળવી રાખવાની અને મુસાફર સુવિધાઓ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

કામદારોની સુરક્ષા અને સલામતી સામે ફરી સવાલો

મકરપુરા ફેક્ટરીમાં કામ કરતો યુવક અકસ્માતનો ભોગ બન્યો

૨૧ વર્ષીય મિથુન ચૌહાણ લોહીલુહાણ હાલતમાં સયાજી હોસ્પિટલ ખસેડાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧

મકરપુરા જી.આઈ.ડી.સી.માં આવેલી રવિ એન્જિનિયરિંગ વર્કશોપ નં. ૮૬૬ ખાતે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. લોખંડના રાઉન્ડર બાર પર કામ કરી રહેલા ૨૧ વર્ષીય યુવાન કામદાર મિથુન દેવાનંદ ચૌહાણના બંને હાથની આંગળીઓ અચાનક ભારે બારની ચપેટમાં આવી જવાથી ગંભીર રીતે કચડાઈ ગઈ હતી. ઘટનાને પગલે વર્કશોપમાં દોડધામ મચી ગઈ હતી. સાથી કર્મચારીઓ દ્વારા તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં મિથુનભાઈને વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તબીબોની દેખરેખ હેઠળ તેમની ગંભીર ઈજાઓની સારવાર ચાલી રહી છે. આ અકસ્માતે ઔદ્યોગિક એકમોમાં કામદારોની સુરક્ષા અને સલામતી સામે ફરી એકવાર ગંભીર સવાલો ઊભાં કર્યા છે. અકસ્માત બાદ જી.આઈ.ડી.સી. વિસ્તારના અન્ય કારખાનાઓમાં કામ કરતા કામદારોની સલામતીને લઈને ભારે ચિંતાનું મોજું ફરી વળ્યું છે. પ્રાથમિક તપાસમાં આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે જો વર્કશોપમાં કામ કરતી વખતે યોગ્ય સેફ્ટી ગિયર (સુરક્ષાના સાધનો) અથવા સ્થાનિક કામદારો અને યુનિયન દ્વારા આવા ઔદ્યોગિક એકમોમાં શ્રમ સુરક્ષાના નિયમોનું કડક પાલન થાય તથા બેદરકારી દાખવનાર માલિકો સામે યોગ્ય કાયદાકીય પગલાં લેવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠી રહી છે, જેથી ભવિષ્યમાં આવા નિર્દોષ શ્રમિકોએ પોતાના અંગો ગુમાવવાનો વારો ન આવે.

કવિ દુલા કાગ પ્રાથમિક શાળામાં જયશ્રીબેન મોદીનો વયનિવૃત વિદાય સમારંભ યોજાયો



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧

કવિ દુલા કાગ પ્રાથમિક શાળા પીએમ શ્રી ગુજરાત ખાતે ૩૦/૧૦/૨૦૨૬ ના રોજ શ્રીમતી જયશ્રીબેન પરેશકુમાર મોદીનો નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો હતો. ૩૯ વર્ષની સુદીર્ઘ શૈક્ષણિક કારકિર્દી પૂર્ણ કરીને શાળા પરિવારમાંથી વય નિવૃત્તિને કારણે વિદાય લઈ રહેલા શ્રીમતી જયશ્રીબેન પરેશકુમાર મોદીના નિવૃત્તિ સન્માન સમારોહમાં શાળા પરિવારના આચાર્યશ્રી , તમામ શિક્ષક મિત્રો અને ચોથા વર્ગના તમામ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ તેમની સુદીર્ઘ શૈક્ષણિક કારકિર્દીની શરૂઆત સુસ્કાલ પ્રાથમિક શાળાથી કરી ત્યાર બાદ સમા, દરજીપુરા, ખટંબા, બાવામાનપુરા, વાડી શાળા નં ૧, સીઆરસી તેમજ યુઆરસી કો-ઓર્ડીનેટર તરીકેની પણ કામગીરી સુપેરે બજાવી અને શાળાઓનું સુકાન સંભાળ્યું અંતે ૭ વર્ષ સુધી કવિ દુલા કાગ પ્રાથમિક શાળામાં ઉત્તમ, ઉત્કૃષ્ટ અને ઉદાહરણીય સેવા આપી, એટલું જ નહિ વય કક્ષાને કારણે શાળામાં કુટુંબના મોભી તરીકે શાળા પરિવારનું તેઓ અવિભાજ્ય અંગ બની રહ્યા.

અટલાદરા BAPS મંદિરમાં દિવાળીની ભવ્ય ઉજવણીની તૈયારીઓ તેજ



૧૨૦૦ વાનગીઓના અન્નકૂટની તૈયારીમાં ૩૦૦ મહિલા ભક્તો જોડાયા, ૭૦૦થી વધુ યુવાનોએ સફાઈ સેવા યજ્ઞમાં આપી શ્રમસેવા

(પ્રતિનિધિ) વડોદરા, તા.1

અટલાદરા સ્થિત BAPS શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દિવાળી પર્વની ભવ્ય ઉજવણીને લઈને તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આગામી દિવાળી પર્વ નિમિત્તે મંદિર પરિસરમાં દેવાલયથી શૌચાલય સુધી સફાઈ સેવા યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૭૦૦થી વધુ યુવાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. મહંત સ્વામી મહારાજની પ્રેરણા અને સંતોના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ સેવા યજ્ઞમાં તબીબો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ અને યુવા ઉદ્યોગસાહસિકો સહિતના યુવાઓ જોડાયા હતા. ઝેન ઝી તરીકે ઓળખાતી યુવા પેઢીએ સ્વચ્છતા અને સેવાભાવના માધ્યમથી ધાર્મિક પરંપરાઓ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. બીજી તરફ, વિક્રમ સંવત ૨૦૮૩ના પ્રારંભે ૧૦ નવેમ્બરના રોજ ભગવાનને ૧૨૦૦ જેટલી વિવિધ વાનગીઓનો અન્નકૂટ ધરાવવાની તૈયારીઓ પણ ચાલી રહી છે.

૫૦૦૦થી વધુ નવા વિદ્યાર્થીઓનું સિગ્મા યુનિવર્સિટીમાં સ્વાગત



'ઇન્ફિનિટી 2026'માં મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ અને લેખિકા કાજલ ઓઝા વૈદ્ય વિશેષ ઉપસ્થિત રહ્યાં

(પ્રતિનિધિ) વડોદરા, તા. 1

સિગ્મા યુનિવર્સિટી ખાતે 30 ઓક્ટોબરના રોજ 'ઇન્ફિનિટી 2026' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ફ્રેશર્સ અને ફેરવેલના સંયુક્ત સમારોહમાં 5,000થી વધુ નવા વિદ્યાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

જ્યારે ગ્રેજ્યુએટિંગ બેચ 2026ને ભાવભીની વિદાય અપાઈ હતી. કાર્યક્રમમાં વડોદરાના મ્યુનિસિપલ કમિશનર અને IAS અધિકારી અરુણ મહેશ બાબુ મુખ્ય અતિથિ તરીકે, જ્યારે જાણીતા લેખિકા અને પટકથાલેખિકા કાજલ ઓઝા વૈદ્ય વિશિષ્ટ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. બંને મહાનુભાવોએ વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી સંબોધન આપ્યું હતું.